Letter No: TDD/0177/11/2023 Dt: 10-11-2023

ઈ.એમ.આર.એસ. પોશીના, જિ.સાબરકાંઠા શાળા સંકુલના બાંધકામ માટે સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/EMR/e-file/25/2023/1139/P
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૦/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: EMRS/102017/1203/P.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: EMRS/2023/GSFS/P.

(૩) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર નો તા.૨૨/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક: GSTES/EMRSP/e-file/237/2023/0475/Civil.

**આમુખ:**

ઈ.એમ.આર.એસ. (એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલ) પોશીના, જિ.સાબરકાંઠાના બાંધકામ માટે આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯માં નવી બાબત તરીકે ગેપ ફંડીગની રૂ.૧૦૦ લાખની જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીની તા.૧૧/૦૬/૨૦૧૯ની ટેકનિકલ કમિટીની બેઠકમાં ઈ.એમ.આર.એસ. પોશીના, જિ.સાબરકાંઠાના બાંધકામ માટે રૂ.૨૪,૯૭,૬૫,૩૬૦/- ના અંદાજો મંજૂર કરવામાં આવેલ હતા, જેને સોસાયટીની ગવર્નિંગ બોડીની તા.૦૧/૧૦/૨૦૨૦ની બેઠકમાં મંજૂરી આપવામાં આવેલ હતી. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકના ચાલુ તથા પૂર્ણ થયેલ ૩૨ બાંધકામ માટે સોસાયટી હસ્તક ઉપલબ્ધ બચત ગ્રાન્ટમાંથી રૂ. ૧૬૨.૩૭ કરોડ વાપરવા માટે મંજૂરી આપેલ હતી. જેમા સદર કામનો ખર્ચ બચત રકમમાંથી કરવાની મંજૂરી આપેલ હતી.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીના વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી ઈ.એમ.આર.એસ. પોશીના, જિ. સાબરકાંઠાના બાંધકામ માટે કુલ રૂ. ૨૧,૫૯,૧૩,૯૮૭/- ની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ હતી. પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, ઈ.એમ.આર.એસ. (એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલ) પોશીના, જિ. સાબરકાંઠાના બાંધકામ માટે આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૫/૨૦૧૮ના ઠરાવની મૂળ વહીવટી મંજૂરીની શરતોને આધીન કુલ રૂ.૨૧,૫૯,૧૩,૯૮૭/- (અંકે રૂપિયા એકવીસ કરોડ ઓગણસાઈઠ લાખ તેર હજાર નવસો સત્યાસી)ની આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિશા પટેલ
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2023.11.10
15:42:55 +05:30

File No: TDD/EMR/e-file/25/2023/1139/P (Planning) Section
Approved By: S Murli Krishna(Head,TDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**<u>નકલ રવાના:</u>**

- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર, જિ.ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી - છ શાખા (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2023.11.10
15:42:55 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*